# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર
ACCREDITED GRADE "A" BY NAAC (CGPA 3.28)
## માહિતી અને જનસંપર્ક વિભાગ
Website : www.ayurveduniversity.edu.in Email : pro@ayurveduniversity.com ફોન : 0288-2556852


અખબારી યાદી નં.૬૨

## ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના ૫૨માં સ્થાપના દિને
## કુલપતિશ્રીના વરદ હસ્તે ધ્વજવંદન

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના ૫૨માં સ્થાપના દિન પ્રસંગે યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્પોર્ટસ એન્ડ સ્ટુડન્ટસ્ વેલ્ફેર વિભાગ દ્વારા એકત્રીસમું ખેલકૂદ સ્પર્ધા સંમેલન યોજાયેલ છે. તા.૫ જાન્યુઆરીના રોજ સવારે ૮:30 કલાકે ધન્વન્તરી મંદિરના પટાંગણમાં સમારંભના અધ્યક્ષ માનનીય કુલપતિશ્રી વૈદ્ય સંજીવભાઈ ઓઝાના વરદ હસ્તે યુનિવર્સિટી ધ્વજનું આરોહણ કરવામાં આવેલ તેમજ મશાલ પ્રજ્વલિત કરી ઉદ્ઘાટન કરવામાં આવેલ. આ તકે સમારંભના અતિથિ વિશેષ કુલસચિવશ્રી આર.એમ.ઝાલા, આઈ.પી.જી.ટી. & આર.એ.ના ઈન્ચાર્જ ડાયરેક્ટરશ્રી પ્રો.રવિનારાયણ આચાર્ય, શ્રીગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલયના ઈન્ચાર્જ આચાર્યશ્રી વૈદ્ય ડી. બી. વાઘેલા, તથા યુનિવર્સિટીના વિવિધ વિભાગના વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતા. આ સમારંભમાં વૈદ્ય ગૌરાંગભાઈ દરજી દ્વારા શપથ વિધિ લેવડાવવામાં આવી. તા.૬ જાન્યુઆરીના રોજ સવારે ૧૨:૦૦ કલાકે પૂર્ણાહુતિ સમારંભ યોજવામાં આવનાર છે. જેમાં વિજેતા ખેલાડિઓને માનનીય કુલપતિશ્રી વૈદ્ય સંજીવભાઈ ઓઝા દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવનાર છે.

નં.આયુ/યુનિ/માહિતી/૨૦૧૭-૧૮/ ૩૨૮૮ તારીખ :૦૫/૦૧/૨૦૧૮

પ્રતિ,
તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,
મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારીયાદીને પ્રકાશિત/કરવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

( વૈદ્ય ધનંજય પટેલ )
ઈ.માહિતી અને જનસંપર્ક અધિકારી

નકલ રવાના:

1. સર્વે પ્રેસપ્રતિનિધિશ્રીઓ તરફ....ઇમેઇલ ધ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલબંગલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે)
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ...ઇમેઇલ ધ્વારા (આપના વિભાગમાં નોટીસબોર્ડમાં મૂકવાની વિનંતી સૂચના સાથે.)
   (૧) બોટાનિકલ ગાર્ડન (૨) પ્રેસ વિભાગ
4. પીપીએસ ટુ વીસી, કુલપતિશ્રી કાર્યાલય (વેબસાઇટ પર પ્રસારિત કરવાની સૂચના સાથે)